ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૭ ટકા

# રંગબેરંગી ફૂલોથી શહેરનું સૌંદર્ય ખીલી ઉઠયું

## ગરમાળો, ગુલમહોર અને બોગનવેલના ફૂલો પુર બહારમાં ખીલ્યાં : આંખને ઠારે તેવું સૌંદર્ય શહેરની શોભા બન્યું



ગાંધીનગર, તા.૧૫

કોરોનાના કપરાં સમયમાં ચારેકોર નિરાશા છે ત્યારે ગાંધીનગરમાં ફૂલોનું સૌંદર્ય પુરબહારમાં ખીલી ઉઠયું છે. ગરમાળો, ગુલમહોર અને બોગનવેલના ફુલોથી શહેરના માર્ગો જાણી લચી પડયા હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી નિરાશાનું વાતાવરણ છે. કોરોનાના કપરાકાળના કારણે જયાં જુઓ ત્યાં નિરાશા કરી દે તેવા સમાચારો જ વાંચવા મળે છે. જો કે આ નિરાશાભર્યા વાતાવરણમાં શહેરમાં જરાક લટાર મારો તો આંખોને ઠારે તેવું સૌંદર્ય જોવા મળે છે.

ભરઉનાળે શહેરમાં ગરમાળો ખૂબ ખીલ્યો છે. ખાસ કરીને પોલીસભવન વાળા રોડ અને સર્કીટ હાઉસના રોડ પર લટાર મારો તો ગરમાળાનું ખરું સૌંદર્ય માણવા મળે છે. એકદમ પીળાં ફુલોથી લચી પડેલા ગરમાળાના વૃક્ષો જોઈ મન એકદમ પ્રફુલ્લીત થઈ જાય છે. ગાંધીનગરના મુખ્ય માર્ગોની આસપાસ ખૂબ જ જતનથી વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. જેમાં ફુલોના ઘણા વૃક્ષો છે. દરેક ઋતુમાં જુદા જુદા વૃક્ષો પર જુદા જુદા ફુલો આવે છે. જ રોડ અને પોલીસભવનવાળા માર્ગ પર આ વૃક્ષોનું સૌંદર્ય હજી યથાવત છે. વિકાસના વાવાઝોડામાંથી આ માર્ગો હજી અલિપ્ત રહ્યાં છે. એટલે જ તેનું સૌંદર્ય હજુ બરકરાર છે એન દરેક ઋતુમાં આંખોને ઠારે તેવું સૌંદર્ય બક્ષે છે. ગરમાળાની સાથો સાથ આ માર્ગ પર ગુલમહોર અને બોગનવેલ પણ ખીલી છે. રંગબેરંગી બોગનવેલથી આ માર્ગ જાણે ભરચક લાગી રહ્યો છે. આજકાલ ચારેકોર નિરાશાનું વાતાવરણ છે. હૃદય ઉચાટ અનુભવે છે. આવા સમયે શહેરના આ માર્ગો પર આંટો મારો તો થોડીક રાહત ચોકકસ મળે છે.



# કોવીડ ઓપીડીમાંથી બે ડોકટરના મોબાઈલ ચોરાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા છે. કોવીડ બિલ્ડીંગમાં દર્દીના સગા જઈ શકતા નથી, કોવીડ ઓપીડીમાં દર્દી સાથે માત્ર એક જ સગા હોય છે. આ પ્રકારના અભેદ્ય સુરક્ષા કવચમાંથી ડોકટરના બે મોબાઈલ ચોરાયા છે. ગત મંગળવારની વહેલી સવારે આવેલા ચોર શખ્સે કોવીડ ઓપીડીમાંથી ગણતરીની મિનિટોમાં બે ડોકટરના મોબાઈલ સેરવી લઈ રફુચક્કકર થઈ ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલની માઠી દશા બેઠી હોય તેમ લાગે છે. થોડા સમય પહેલા સિવિલના શૌચાલયમાંથી એક દર્દીનો મૃતદેહ મળી આવ્યો હતો. જયારે માણસા તાલુકાના એક ગામનો કોરોનાગ્રસ્ત દર્દી સારવાર દરમિયાન ગાંધીનગર સિવિલમાંથી છટકી જતા સિવિલ તંત્રમાં ભાગદોડ મચી જવા પામી છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી કોવીડ ઓપીડી રાત દિવસ ધમધમે છે. કોવીડ ઓપીડી અને બહાર ચુસ્ત પહેરો લાગેલો હોય છે. દર્દી સાથે પણ માત્ર એક જ વ્યકતિ ઓપીડીમાં હોય છે. ગાંધીનગર કોવીડ ઓપીડીમાંથી ગત મંગળવારના રોજ વહેલી સવારે કોવીડ ઓપીડીમાં ઘુસેલા અજાણ્યા શખ્શે કોઈની નજર ના પડે તે રીતે બે ડોકટરના બે મોબાઈલ સિફતપૂર્વક લઈ પલાયન થઈ ગયો હતો. ત્યારે સિવિલ તંત્ર સમક્ષ ડોકટરે મોબાઈલ ચોરીની વાત જણાવતા તંત્રએ પોલીસની પણ મદદ લીધી છે. જયારે સિવિલમાંથી દર્દી અને મોબાઈલ સહિતની ચીજવસ્તુઓ ગાયબ થતા સિવિલની સલામતી અંગે પણ સવાલો ઉભા થવા પામે છે. જે જગ્યા પરથી મોબાઈલ ચોરાયા છે તે કોવીડ ઓપીડી ચોવીસ કલાક ધમધમે છે. ડોક્ટર્સ-નર્સિંગ સ્ટાફ સહિત વર્ગ-૪ નો સ્ટાફ સતત દોડાદોડી કરતો નજરે પડે છે. ત્યારે કોવીડ ઓપીડીમાં દર્દીના સગા સહિત અન્ય વ્યકિતની પણ અવરજવર રહે છે. ત્યારે મોંઘાદાટ મોબાઈલની ચોરી થતા સ્ટાફના સૌ કોઈ સભ્યોમાં હલચલ મચી ગઈ છે.

## સિવિલમાં ફરજ બજાવતા કર્મચારીઓને કરીયાણાની કીટ અપાઈ



ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓ માટે રાજભવન તરફથી કરીયાણાની ૧૧૦૦ જેટલી કીટ આપવામાં આવી છે. સિવિલના એસઆઈ પંકજ જાદવ અને રાજદીપ એજન્સીના સુપરવાઈઝર રાકેશ પરમાર દ્વારા કર્મચારીઓને કીટ વિતરણ કરવામાં આવી હતી. જયારે અનાજની કીટ મળતા કર્મચારીઓમાં આનંદની લ્હેર જોવા મળી હતી. સિવિલમાં સોશિયલ ડિસ્ટન્સ રાખી કીટ વિતરણ કરાઈ હતી.

## જન્મદિને વધામણી



**રસિકલાલ આર દવે**
**નિવૃત્ત ઈલેક્ટ્રીક સુપરવાઈઝર**
**સરકારી છાપકામ**
**અને લેખન સામગ્રી**
**મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧**



**ધ્રુવમ દિપકકુમાર રૂપાકર**
**મો. ૯૪૨૭૦ ૧૯૮૩૨**

# કોવિડ દર્દીઓને હોસ્પિટલ કે અન્યત્ર જવા કેપિટલ ઈવીની નિઃશુલ્ક કેબ સર્વિસ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એક સંવેદનશીલ સેવાભાવી નાગરિકો ધરાવતું શહેર છે જ્યાં પ્રવર્તમાન કોરોના મહામારીમાં શહેરીજનો અનેકવિધ સેવાઓ પુરી પાડી પોતાની સામાજિક ફરજ નિભાવી રહ્યાં છે. કોઈ નિઃશુલ્ક ટિફિન સેવા આપી રહ્યું છે તો કોઈ ફળ વિતરણ કરી રહ્યું છે, કોઈ ઓક્સિજન પુરો પાડી રહ્યું છે તો કોઈ પ્લાઝમા ડોનેશન કરી રહ્યું છે. આ સમયે કેપિટલ ઈવી દ્વારા કોરોના પોઝિટિવ દર્દીઓ માટે મફત કેબ સેવા શરૂ કરવામાં આવી છે જે સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા દરમ્યાન દર્દીઓને હોસ્પિટલ જવા કે હોસ્પિટલથી ઘરે અથવા અન્ય હોસ્પિટલ કે રિપોર્ટ કરાવવા જવા માટે વાહનની જરૂર હોય તેને વિના મૂલ્યે પુરી પાડશે.

હવે આગામી સમયમાં ઈલેક્ટ્રિકલ વ્હિકલ્સનો જમાનો આવી રહ્યો છે જે પર્યાવરણ માટે સાનુકુળ પરિવહનની જરૂરિયાત પુરી કરશે. ગાંધીનગરના સેક્ટર-૨૫ જીઆઈડીસી ખાતે શરૂ થયેલી કેપીટલ ઈવીએ અત્યારનો કોરોના ટાઈમને ધ્યાનમાં લઈને કોરોના વૉરિયર્સ તથા કોરોના દર્દીઓ માટે વિના મૂલ્યે સેવા આપી રહ્યા છે જેમાં લગભગ ૩૦ ઈલેક્ટ્રીક વાહનો સાથે આ સેવા સોપ્રથમ ગાંધીનગરમાં અને ત્યાર બાદ અમદાવાદમાં આ સેવા ચાલુ કરવામાં આવી છે. હાલમાં જયારે કોરોનાના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે કેપીટલ ઈવી દ્વારા માનવતાવાદી સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેવાનો ઉદેશ ફક્ત જનસેવા કરવાનો છે ત્યારે ગાંધીનગરની જનતા તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યો છે. કેપીટલ ઈવી દ્વારા ચાલુ કરવામાં આવેલી આ સેવા માટે કોઈપણ વ્યકિત ઓનલાઈન તથા કોલ કરીને બુકિંગ કરીને તેનો ઉપયોગ કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેપિટલ ઈવીની સ્થાપના ૨૦૧૯માં સંજયભાઈ પટેલ તથા ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ કંપનીનો મુખ્ય ઉદેશ પર્યાવણને બચાવવા પોલ્યુશનને ઓછું કરવાની પહેલ કરી છે. આ સાથે આ કેપિટલ ઈવી માં આશરે ૫૦ ઈલેક્ટ્રીક ગાડીઓ તથા ઈલેક્ટ્રીક ઓટોરીક્ષાથી આ સર્વિસ ગાંધીનગર તથા અમદાવાદ અને ટુંક સમયમાં આખા ગુજરાતમાં ચાલુ કરવામાં આવશે. આ સર્વિસ ચલાવવા માટે કેપીટલ ઈવી પોતાના ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના કરી રહ્યા છે અને હાલ કેબ સર્વિસ ગાંધીનગર તથા અમદાવાદમાં કાર્યરત છે.





### કોવિડ દર્દીઓ કેવી રીતે નિઃશુલ્ક કેબ સર્વિસ મેળવી શકે?

કેપિટલ ઈવીની નિઃશુલ્ક કેબ સર્વિસ સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા દરમ્યાન પ્રાપ્ત થશે જે મેળવવા તેના સંપર્ક નં.૮૮૬૬૬૫૫૬૬૬ પર કોલ કરીને ઓફલાઈન અથવા ગૂગલ પ્લે સ્ટોરમાંથી કેપીટલ ઈવીની મોબાઈલ એપ ડાઉનલોડ કરી અથવા કંપનીની વેબસાઈટ કેપિટલઈવી ડોટ ઈન દ્વારા ઓનલાઈન પણ નોંધણી કરાવીને કેબ સર્વિસ પ્રાપ્ત કરી શકાશે. આ ઉપરાંત જેમને કોવિડ સિવાય પણ અન્ય પરિવહન કાર્ય માટે આ સેવાની જરૂર હોય તેમને પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી કરતાં લગભગ ૩૦ ટકા જેટલી ઓછી કિમતમાં સારી ગાડી, ટ્રેઈનેડ ડ્રાઈવર તથા ફુલ્લી સેનેટાઈઝ્ડ કેબ ઉપલબ્ધ થશે તેવું કેપિટલ ઈવીના એમડી સંજય પટેલે જણાવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મ્યુકર માઈકોસીસના ૯ દર્દીઓ ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે.

● ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ વેક્સિનેશન અને તંત્રના અન્ય કાર્યક્રમો અંગે આજે જિલ્લાના તબીબી અધિકારીઓ સાથે વેબ દ્વારા સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર મહાનગરપાલિકાના સ્મશાનગૃહમાં રૂ. ૨.૫૦ લાખના ખર્ચે એક આધુનિક ભઠ્ઠી ફીટ કરવામાં આવનાર છે જેનાથી લાકડામાં બચત થશે.

● ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ ડે.એસ.ઓ.ની પરીક્ષાનું પરિણામ જાહેર થયુ છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૯૭૫ જેટલા ૧૮+ યુવાઓને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં આજે પણ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરોનામુક્ત થનાર દર્દીઓ વધુ છે.

● ગાંધીનગર શહેરમાં સતત ત્રણ દિવસનું મીની વેકેશન હોવાથી લોકોએ ઘરમાં રહેવાનું વધુ પસંદ કર્યુ છે.

● ભાજપ પ્રદેશના નવા માળખામાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના આગેવાનોની થઈ રહેલી અવગણનાને લઈ કાર્યકરોમાં કચવાટ શરૂ થયો છે.

● ગુજરાત યુનિવર્સિટીમાં ૨૧મી મે સુધીમાં ઓનલાઈન પરીક્ષાનો વિકલ્પ પસંદ કરી શકાશે, વિદ્યાર્થીએ વેબકેમ સાથેનું લેપટોપ, મોબાઈલ ફોન ફરજીયાત રાખવો પડશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ ત્રીજી,ચોથી લહેર આવવાની શકયતા છે??... તો મારા સનને સાયન્સ લેવડાવું....!!

# આદીવાડામાંથી દારૂનો વેપાર કરતી મહિલા બુટલેગર ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામમાં દારૂનો વેપાર કરતી મહિલા ને સેકટર-૨૧ પોલીસે પકડી પાડી છે. પોલીસે ઘરની તપાસ કરતા થેલામાંથી નાની મોટી કુલ-૨૫૧ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૪૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે પ્રોહી એકટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિહત મુજબ સેકટર-૨૧ પોલીસના જવાનોને પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે આદિવાડા ગામે દંતાણી વાસ ખાતે રહેતી ૩૨ વર્ષિય મહિલા સવિતા મુકેશ દંતાણી દારૂનો વેપાર કરી રહી છે. પોલીસે રેઈડ પાડતા પ્લાસ્ટીકના થેલામાં દારુની બોટલો સાથે વેપાર કરતી મહિલા મળી આવી હતી. પોલીસે મહિલાના સાથે રાખીને તલાશી લેતા ઘરના વિવિધ સ્થળ પરથી દારૂની નાની મોટી બોટલ કુલ-૨૫૧મળી આવી હતી. સવિતા દંતાણીનું પોલીસના ચોપડે અગાઉ પણ નામ નોંધાયુ છે. ત્યારે પોલીસે રૂ.૪૯ હજારનો દારુ જપ્ત કરી મહિલા સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આર.આર. શેઠના ભગતભાઈ ભુરાભાઈ શેઠનું અવસાન

ગાંધીનગર, તા. ૧૫

પુસ્તક પ્રકાશન ક્ષેત્રે ગુજરાતની અગ્રગણ્ય કંપની આર.આર. શેઠ એન્ડ કંપનીના સંચાલક ભગતભાઈ ભુરાભાઈ શેઠનું ૭૯ વર્ષની વયે અવસાન થયુ છે. ગુજરાતના અનેક નવોદિત લેખકોના સારા લખાણને પારખી લેવાની તેઓની આંતરીક સુઝના કારણે અનેક નવોદિત લેખકોની કૃતિઓને તેઓએ વાચકો સુધી પહોંચાડી છે.



પિતા ભુરાલાલ શેઠના ૧૯૫૮માં થયેલા અવસાન પછી કંપનીનું સંચાલન તેઓએ ખુબ જ જવાબદારીપૂર્વક એકલા હાથે સંભાળ્યુ હતુ. ૬૩ વર્ષોથી પ્રકાશન પ્રવૃત્તિ સાથે જોડાયેલા રહેલા ભગતભાઈ શેઠની દીર્ઘદૃષ્ટિના પરિણામે ગુજરાતી સાહિત્યને એક અનોખુ સ્થાન પ્રાપ્ત થયુ છે. આધુનિકતા અને સમય સાથે તાલ મેળવીને સતત પરિવર્તન કરતાં રહેવુ એ એમનો સ્થાયીભાવ રહ્યો છે. વાંચકોનો શોખ અને સારા લખાણને પારખી લેવાની તેઓની આગવી સુઝના પરિણામે ગુજરાતના અનેક નવોદિત લેખકોને તેઓએ વાંચકો સુધી પુસ્તક પ્રકાશનના માધ્યમથી પહોંડ્યા છે. ગુજરાત રાજ્યના પ્રકાશકો અને પુસ્તક વિક્રેતાઓ માટે સ્થાપવામાં આવેલા ગુજરાતી પુસ્તક પ્રકાશન અને વિક્રેતા મંડળની સ્થાપનામાં પણ ભગતભાઈ શેઠની ચાવીરૂપ ભુમિકા રહી છે. તેઓ તેમની પાછળ વિશાળ પરિવારને વિલાપ કરતો મુકી ગયા છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. બ્રહ્મભટ્ટ તરૂલતાબેન દિનેશકુમાર,** ઉ.વ. ૬૦, અડાલજ, ત્રિમંદિર
- **સ્વ. સોલંકી જેસંગભાઈ હેમાભાઈ,** ઉ.વ. ૮૨, મહેસાણા
- **સ્વ. મોદી અભિષેક રાજેશભાઈ,** ઉ.વ. ૨૭, કેશવનગર, અમદાવાદ
- **સ્વ. વાણીયા ભાનુભાઈ જેઠાલાલ,** ઉ.વ. ૮૦, સેકટર-૨૨
- **સ્વ. પટેલ શૈલેષકુમાર મનુભાઈ,** ઉ.વ. ૫૦, મુબારકપુર
- **સ્વ. પરમાર શાન્તાબેન ગંગારામ,** ઉ.વ. ૮૧, સેકટર-૨૩
- **સ્વ. નાયર રાધાકૃષ્ણ વિનારાયણ,** ઉ.વ. ૫૧, નરોડા, જીઆઈડીસી
- **સ્વ. સુથાર રજનીભાઈ બચુભાઈ,** ઉ.વ. ૪૮, લાડોલ, વિજાપુર
- **સ્વ. પરમાર મનહરભાઈ મોહનભાઈ,** ઉ.વ. ૫૩, સેકટર-૧૯
- **સ્વ. બિહોલા જીતેન્દ્રસિંહ બાબુભાઈ,** ઉ.વ. ૫૦, કડાદરા, દહેગામ
- **સ્વ. સોલંકી ભરતભાઈ બળદેવભાઈ,** ઉ.વ. ૩૭, ડભોડા, યાદવનગર
- **સ્વ. વણકર કાંતિભાઈ નાથાભાઈ,** ઉ.વ. ૬૫, કલોલ
- **સ્વ. ઠકકર મનુભાઈ કેશવરામ,** ઉ.વ. ૭૩, આમજા, માણસા
- **સ્વ. ઠાકોર જવાનજી ચહેરાજી,** ઉ.વ. ૬૦, રણછોડપુરા, કલોલ
- **સ્વ. ભાટી યોગેશસિંહ,** ઉ.વ. ૫૯, બીએસએફ કેમ્પ, ચિલોડા
- **સ્વ. નાયક મંજુલાબેન સોમાભાઈ,** ઉ.વ. ૬૦, સેકટર-૬
- **સ્વ. મિસ્ત્રી જીતેન્દ્રકુમાર ગીરધરલાલ,** ઉ.વ. ૫૮, બાપુનગર, અમદાવાદ

# લ્યો હવે, કોરોનાથી બચવા માટે ‘સેફટી કાર્ડ’ પહેરવાનું ચલણ..!!

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં કોરોનાનો કહેર થોડો ઓછો થયો છે પરંતુ હજુ પણ જોખમ એટલું જ છે. કોરોના એક એવી મહામારી છે જેના માટેની કોઈ દવા નથી પરંતુ કોરોનાને રોકવા માટે અનેક ઉપાયો પ્રચિલત બન્યા છે. જેમાં આયુર્વેદિક, હોમિયોપેથીક તથા એલોપેથીક ઉપચારોથી માંડીને માસ્ક, સેનેટાઈઝર તથા સોશિયલ ડિસ્ટન્સ સાથે હવે કોરોનાની રસી પણ આવી ગઈ છે. જો કે આ ઉપરાંત પણ નાગરિકો અનેક નુસખા અજમાવી રહ્યા છે. જેમાં હવે બજારમાં ‘કોરોના સેફટી કાર્ડ’ના નામથી એક નવો વેપાર શરૂ થઈ ગયો છે. આ કાર્ડ નાગરિકો કોઈ કર્મચારીના આઈકાર્ડ અથવા માદળિયાની જેમ ગળામાં લટકાવતા જોવા મળી રહ્યા છે.

કોરોના સેફટી કાર્ડના નામે વેચાઈ રહેલા આ કાર્ડ હકીકતમાં એક પ્રકારના એર સ્ટરીલાઈઝેશન અથવા એરસેનિટાઈઝેશન કાર્ડ તરીકે ઓળખાય છે જે કેટલીક કંપની એર ડિઓડરાન્ટાઈઝેશન કાર્ડ તરીકે પણ વેચે છે. કાર્ડ આસપાસની હવાને જીવાણુ મુકત રાખવા એટલે કે જેમ ટોયલેટ કે બાથરૂમમાં લગાડાય છે તે રીતે ઉપયોગ કરવા માટે વપરાતા કાર્ડ છે જે રૂમ ફ્રેશનર તરીકે પણ કાર્ય કરે છે. અત્યારે કોરોનાના માહોલમાં જે રીતે સંક્રમણનો ડર વ્યાપક રીતે ફેલાયો છે તે સ્થિતિમાં જેમ ‘ડૂબતો તરણું ઝાલે’ તે રીતે કેટલાંક નાગરિકો આ પ્રકારના કાર્ડને કોરોના સેફટી કાર્ડ તરીકે ઉપયોગ કરી રહ્યા છે અને આ કાર્ડને એક પટ્ટી સાથે બાંધીને ગળામાં લટકાવી રાખવાથી કોરોના વાયરસ નજીક નથી આવતો તેવું માનવામાં આવે છે જે હજુ સુધી સત્તાવાર રીતે સાચું હોવાનું કયાંય પુરવાર થયેલું નથી. અત્યાર સુધી એટલે કે કોરોના કાળમાં આ કાર્ડની માંગ વધીને પહેલા જે માત્ર ૧૫૦ થી ૩૦૦માં વેચાતા હતા તે કાર્ડ હવે બજારમાં સીધા ૫૦૦-૭૦૦થી માંડીને ૧ હજાર સુધી વેચાતા થઈ ગયા છે. આ કાર્ડનું પેકેટ ખોલ્યા પછી તે એક કે બે માસ સુધી ઉપયોગમાં લઈ શકાય છે જેને શરીરને સીધું અડે નહીં તે રીતે કપડાં પર પહેરવામાં આવે છે.

